ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૯-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

# ઘર આંગણે પડકારોથી ઘેરાયેલા ડો. મનમોહનસિંહનો અમેરિકામાં દબદબો

વડાપ્રધાન મનમોહનસિંહ માટે એમના કાર્યકાળનો છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે. બરાબર વિશ્રાન્તિ પૂર્વે તેઓની સામે કેટલાક એવા પડકારો ઊભા થઈ ગયા છે જેમનો સામનો કરવામાં ચૂક થાય તો આખી કારકિર્દીને ઝાંખપ લાગે એમ છે. પડકારો પૈકી મુખ્ય તો શાસન સંબંધી છે. અર્થશાસ્ત્રી વડાપ્રધાને બીજીવાર યુપીએ સરકારનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે સો દિવસમાં જ દેશના અર્થતંત્રને પાટા ઉપર લાવી દેવાનું વચન આપ્યું હતું. વૈશ્વિક મંદીના દોરમાં પણ યુપીએ-૧ શાસનકાળમાં ભારત એની પ્રગતિ કૂચ ચાલુ રાખી શક્યું હતું. પરંતુ યુપીએ-૨નાં ચાર વર્ષ પૂરા થઈ ગયા પછી પણ ફુગાવાનો દર કાબૂમાં આણવામાં તકલીફ પડી રહી હોય અને વિકાસદર ૮.૪થી ઘટીને ૪.૮ થઈ ગયો હોય ત્યારે સ્વાભાવિક છે કે તજજ્ઞ અર્થશાસ્ત્રી નેતાને પોતે ધાર્યું પરિણામ નહીં મેળવી શક્યાનો વસવસો રહે. મોંઘવારીનો પ્રશ્ન પાર્ટી માટે સૌથી મોટી સમસ્યા બની રહેલ છે. જીવન જરૂરિયાતની ડુંગળી જેવી ચીજોના ભાવ આસમાને ચડી ગયા છે. એવી જ મોટી સમસ્યા અત્ર-તત્ર-સર્વત્ર અને સવિશેષ સરકારી તંત્રનો ભરડો લઈ રહેલ ભ્રષ્ટાચારની છે. આ વ્યાપક ભ્રષ્ટાચાર ૨-જીથી લઈ કોલસા કૌભાંડ પર્યંત વિસ્તારેલો છે જેનો રેલો છેક વડાપ્રધાનના પગ નીચે પહોંચે છે. વડાપ્રધાન મનમોહનસિંહ ‘પોલિટિકલ’ માણસ નથી. આ મુદ્દો કોંગ્રેસ પાર્ટીને તો અનુકૂળ છે પરંતુ જનસાધારણ માટે વડાપ્રધાન જેવો સર્વોચ્ચ હોદ્દો ધરાવતા પદાધિકારી પાર્ટીનું પપેટ બની રહે તે કોઈપણ રીતે ઉચિત ન ગણાય. વિપક્ષોને અને વિશેષ તો હવે મુખ્ય વિપક્ષે જાહેર કરી દીધેલા વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને આ મુદ્દો ઘણો જ અનુકૂળ આવી રહ્યો છે. બળતામાં ઘી હોમાયું હોય એમ સિક્યુરિટી કાઉન્સિલની બેઠકમાં ભાગ લેવા ગયેલા વડાપ્રધાનની ગેરહાજરીમાં કોંગ્રેસના યુવરાજ ગણાતા રાહુલ ગાંધીએ કેબિનેટ દ્વારા પસાર કરાયેલ દોષિત જનપ્રતિનિધિઓ અંગેના વટહુકમને જાહેરમાં પડકારીને વડાપ્રધાનને નામોશીભરી સ્થિતિમાં મૂકી દીધા છે. રાહુલ ગાંધીના નિવેદન પછી અમેરિકામાં મનનોહનસિંહની ઊંઘ ઊડી ગઈ હતી અને કોરકમિટીમાં ખુદ સોનિયા ગાંધી પણ એક સભ્ય હોઈ એમણે સીધો જ એમને ફોન કર્યો હતો. તે પછી રાહુલ ગાંધીએ વડાપ્રધાનને ઈ-મેલ પર પત્ર પાઠવી એમના તરફ આદર વ્યક્ત કર્યો અને એમને મનાવવાની કોશિશ કરી, છતાં વિપક્ષોને તો વડાપ્રધાનનું રાજીનામું માગવાની તક મળી જ ગઈ. જો કે નીતીશ કુમાર જેવા મહત્ત્વના નેતાએ રાહુલના નિવેદનને આવકારતું નિવેદન કરીને સરકારે કરેલી ભૂલ સુધારી લેવાથી વડાપ્રધાનનું કોઈ અપમાન નથી થતું, એમ જણાવી ભવિષ્યમાં કોંગ્રેસ સાથે નજીક આવવાના સંકેત પાઠવ્યા છે. મનમોહનસિંહ સામેનો એ બધાથી મોટો પડકાર ‘પાકિસ્તાન-પોલિસી’ છે. નવાઝ શરીફ સાથેની મુલાકાત પૂર્વે એમણે ઓબામા સાથેની વાતચીતમાં તેમજ સુરક્ષા પરિષદની બેઠકમાં આપેલા પ્રવચનમાં પાકિસ્તાન જ આતંકનો ગઢ હોવાનું ભારપૂર્વક જણાવી નવાઝ શરીફને ભારત પાકિસ્તાનની અવળચંડાઈથી ત્રાસી ગયું હોવાનો સંકેત પાઠવી જ દીધો છે. કાશ્મીર સહિતના પ્રશ્નો વાતચીતથી ઉકેલવાની વાત કરી એમણે શિમલા સમજૂતી અનુસાર જ એનો ઉકેલ આણવાની રજૂઆત કરી છે. આ બધું કરવાની પૂર્વ શરત લેખે સીમા પારના આતંકવાદને કાબૂમાં આણવા માટે એમણે પાક સરકારને ભારપૂર્વક દબાણ કરીને એક મજબૂત વડાપ્રધાનને છાજે એવું વલણ અપનાવ્યું છે. ભાજપના નેતાઓ ભલે મનમોહનને કઠપૂતળી વડાપ્રધાન કહેતા ફરે પરંતુ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ એમને પ્રોટોકોલ તોડીને છેક બહાર સુધી માનપૂર્વક વળાવવા આવે છે તે જ ડો. મનમોહનસિંહને એક અત્યંત મહત્ત્વના આંતરરાષ્ટ્રીય નેતા તરીકે મળેલી પ્રતિષ્ઠાનો પૂરતો પુરાવો નથી શું?



અંધશાળા સેક્ટર-૧૬ ખાતે ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓ પ્રજ્ઞાચક્ષુ નીતિનભાઈ પટેલ પાસો એમ.એસ. વર્ડ અને એકસેલની તાલીમ લઈ રહ્યા છે. ઝડપથી આગળ વધતાં ટેકનોલોજીનાં યુગમાં સંસ્થાનો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે.
(તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર શહેર જિલ્લામાં ગાંધી જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

ભારતના રાષ્ટ્રપિતા અને વિશ્વમાં સત્ય, અહિંસા જેવા મૂલ્યો વડે શાંતિદૂત તરીકે પ્રખ્યાત મહાત્મા ગાંધીની જન્મજયંતિ ૨જી ઓકટોબરે ગાંધીનગર શહેર અને જિલ્લામાં વિવિધ કાર્યક્રમો વડે ધામધૂમથી ઉજવાશે.

ગુજરાતના પાટનગરમાં આવેલી રાજયની વિધાનસભાના પ્રાંગણમાં આવેલ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિના સરકારી કાર્યક્રમ ઉપરાંત અનેક આયોજનો વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યા છે. વહેલી સવારે કલાગુર્જરી દ્વારા ગાંધીજીના પ્રિય ભજનોનો સૂર અને સ્વરથી મહાત્માને અંજલિ આપવાના કાર્યક્રમ ‘પીડ પરાઈ જાણે રે’થી શરુઆત થશે. ત્યારબાદ રોટરી કલબ દ્વારા ‘સાયકલ મહાયાત્રા’ યોજાશે જેમાં આશરે પાંચ હજાર યુવાનો જોડાશે.

આ ઉપરાંત જિલ્લામાં પણ વિવિધ સ્થળોએ અનેક કાર્યક્રમોનું આયોજન થયું છે. કોબા, અડાલજ, નારદીપુર, રાંધેજા, સાદરા અને અમીયાપુર વગેરે ગામોમાં ગાંધી સંસ્થાઓ દ્વારા સામૂહિક કાંતણ, પ્રભાતફેરી, ગ્રામ સફાઈ જેવા ગાંધી મૂલ્યો પ્રેરિત કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ગાંધી વિચાર અને આચારને જનજન સુધી પહોંચાડવાના હેતુથી ગાંધીજીના સિધ્ધાંતો પર કાર્ય કરતી આ સંસ્થાઓ દ્વારા ‘ગાંધી જયંતિ’એ મહાત્માને યાદગાર શ્રધ્ધાંજલિ અર્પવામાં આવશે.

# મુસ્લિમ એજયુકેશન ગાંધીનગર દ્વારા અગિયારમો ઈનામ વિતરણ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) ગાંધીનગર દ્વારા અગિયારમો ઈનામ વિતરણ સમારોહ ૨જી ઓકટોબરના રોજ યોજાશે.

મુસ્લિમ સમાજ શિક્ષિત બને તેવા હેતુથી સતત અગિયાર વર્ષથી મેવા દ્વારા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાશે. જેમાં વર્ષ ૨૦૧૩માં લેવાયેલ પરીક્ષામાં ધોરણ-૧૦, ૧૨ તેમજ ઉચ્ચ શિક્ષણમાં અગ્રેસર રહેલા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવશે. સમારોહ ૨જી ઓકટોબર બપોરે ૨.૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન સે-૧૨ ખાતે યોજાશે.

કાર્યક્રમમાં સમારોહના પ્રમુખ તરીકે જ. હબીબુર રહેમાન મતાદાર, તંત્રી, અંજુમન વોઈસ, મુખ્ય મહેમાન તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈ તેમજ અતિથિ વિશેષ તરીકે જ. મુસ્તાક અહેમદખાન, મો. ફાતેમા ઈકબાલ શેખ, નાયબ ચૂંટણી કમિશનર, રાજય ચૂંટણી પંચ ઉપસ્થિત રહેશે. આ તમામ મહાનુભાવો પ્રસંગને અનુરૂપ અને વિદ્યાર્થીઓમાં શિક્ષણ અંગેની રુચિ કેળવાય તેવા હેતુથી પોતાનું વકતવ્ય રજુ કરશે. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ તેમજ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓએ પરિવાર સાથે હાજર રહેવા પ્રમુખ એ.પી. ચોકવાલા, સેક્રેટરી એમ.યુ. કાગદી દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# I0S7 : Apple નો એન્ડ્રોઇડીયો અવતાર...??

**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

૨૦૦૭ના જૂન મહિનામાં ટેકનોક્રેટ અને દીર્ઘદ્રષ્ટા સ્ટીવ જોબ્સ અને એના ડીઝાઈનર સાથી સર જોનાથન ઈવ એ ભેગા મળીને મોબાઈલ જગતમાં એક ધમાકો કર્યો. આ હતો અત્યંત આધુનિક સુવિધાઓથી સજ્જ એપલનો **I-phone.** ત્યારથી માંડીને સ્વર્ગે સીધાવી ચુકેલા જોમ્બભાઈની ગેરહાજરીમાં ૧૦મી સપ્ટેમ્બરે લોન્ચ થયેલા **I-phone** ના લેટેસ્ટ મોડેલ **I-phone 5S** અને **I-phone 5C** (અહીં **C = Cheap** એવું ગણાતું હતું પરંતુ એ હકીકતમાં **cheap** ના નીકળ્યો એ અલગ વાત છે) સુધીમાં **I-phone** ના બધા મોડેલોની જો કોઈ સૌથી વધુ અસરકારક ખુબી હોય તો એ છે **I-phone** ની **Operating System** યાની કે **OS**

અલગ જ પ્રકારનું મેનુ, કમાન્ડસ અને લુકને લીધે બજારમાં આવતાવેંત જ **I-phone** ની **OS** વપરાશકારોમાં લોકપ્રિય થઈ ગયો. શરૂઆતમાં **I** નામે ઓળખાતી **I** ની આ સુવાંસ ઓપરેટીંગ સીસ્ટમનું **IOS** મતલબ **I-phon OS** એવું નામ કરવા માર્ચ ૨૦૦૮ માં કરાયું. ત્યાર પછી સમયાંતરે **IOS** ના નવા અને અપડેટેડ વર્ઝનો આવતા રહ્યા છે. આજ કડીમાં લેટેસ્ટ છે **IOS7** ના અત્યાર સુધીમાં **1G, 3G, 3G5, 4, 45, 5** અને હમણાં જ લોન્ચ થયેલો **5S** અને **5C** ને ગણતાં કુલ ૮ મોડેલો રજૂ થઈ ચૂક્યાં છે.

આપણે **I-phone** ઉત્ક્રાંતિકથા નથી કરવી પણ આપણે માંડવી છે **Apple** ની નવી **OS-IOS7** ની કથા. **IOS** ની ખાસીયત ગણો તો એ છે કે તેમાં કોઈ થર્ડ પાર્ટી સોફ્ટવેર માટે કે એપ્લીકેશન ને ઈન્સ્ટોલ કરવા માટે અવકાશ નથી (સિવાય તમે જેલબ્રેક વાપરીને એની **OS** ને ઓપર પ્લેટફોર્મમાં તબદીલ કરો) ટૂંકમાં એમ કહી શકાય કે **IOS** ની મર્યાદામાં રહીને તમે સોફ્ટવેર કે એપ્લીકેશનનો **install** કરી શકો. ફુલપ્રુફ સિક્યોર ગણાતી **IOS** માં ગાબડું પાડ્યું સેમસંગ, **LG** સોની જેવી મોબાઈલ ઉત્પાદક કંપનીઓએ ગયા વર્ષે રજૂ થયેલા **I-phon 5** ને **Apple** ની શાખ અને આશાઓથી વિપરીત પ્રમાણમાં મોળો અને ઓછો પ્રતિસાદ મળ્યો વેચાણની દ્રષ્ટિએ અને વખાણની દ્રષ્ટિએ પણ. **Apple** ના એકહથ્થુ સામ્રાજયમાં ગઢના કાંગરા ખેરવવાનું આ અશક્ય કામ કરી બતાવ્યું સેમસંગે. કોરિયાની આ ઈલેકટ્રોનિક જાયન્ટસે ધીમા પણ મક્કમ પગલે ગ્રાહકોની નાડ પારખીને વિવિધ કિંમતોના આકર્ષક ફોનો બજારમાં ઉતારવા માંડ્યા. ખર્ચાળ **I-phone** કરતાં સસ્તા અને બહેતર સુવિધાઓ ધરાવતાં આ સ્માર્ટ ફોનો એ જોતજોતામાં બજારમાં મોટો હિસ્સો સર કરવા માંડ્યો. એપલ પરની આ અવિરત સરસાઈમાં આ કંપનીનું હથિયાર હતું - **Operative System Android.**

**IOS** થી વીપરીત **Platform** ધરાવતી અને બધા જ પ્રકારના સોફ્ટવેર કે એપ્લીકેશનને છુટથી સ્વીકારતી વેબસર્ચ એન્જીન ગુગલ દ્વારા પ્રયોજીત આ ઓપરેટીંગ સીસ્ટમે માર્ચ ૨૦૧૩ સુધીના તાજા જ આંકડા મુજબ માર્કેટમાં વેચાતા ૬૪% સ્માર્ટ ફોન પર કબજો જમાવી લીધો છે. **Open platform** ને લીધે સ્માર્ટ ફોન યુઝર્સમાં એન્ડ્રોઈડ બેઈઝ મોબાઈલો ઘણાં જ લોકપ્રિય થતા ગયા. વધુ ને વધુ કંપનીઓ એન્ડ્રોઈડ બેઈઝ સ્માર્ટ ફોનોનું સફળતાપૂર્વક ઉત્પાદન અને વેચાણ કરતી થઈ ગઈ. પાંચ ઈંચથી મોટી સાઈઝના ટેબલેટ ફોન **Galaxy Note** ને મળેલી શાનદાર સફળતાથી સેમસંગે ૪ ઈંચ જેટલી સાઈઝ અને ઓછી પહોળાઈ ધરાવતા **I-phone** નાં મોડેલો અને માર્કેટનો જબરો પડકાર ફેંક્યો.

નવી જ **Operative System, Ppen platform,** આકર્ષક દેખાવ અને વધુ સુવિધાઓવાળી એન્ડ્રોઈડ **OS** ને લીધે **I-phone** ના નિયમિત અને લગભગ વફાદારે વપરાશકારોમાં પણ ધીરે ધીરે ઘટાડો નોંધાયા. **I-phone 5** ની સરેરાશ ઓછી સફળતાએ **Apple** ના કેલિફોર્નિયા **HQ** માં બેઠેલાં લોકોને વિચારતા કરી મુક્યા. છાને ખુણે શરૂ થયો ગ્રાહકોના ઘટાડાનો સર્વે અને સામે આવ્યું ચોંકાવનારૂં પરિણામ. **I-phone 5** ની ઓછી સફળતાનું મુખ્ય કારણ નીકળ્યું. **IOS** ની મર્યાદા અને એન્ડ્રોઈડની વધતી જતી લોકપ્રિયતા **I-phone** ૫ ની કંઈક અંશે સાંકડી અને વિચિત્ર આકારવાળી સ્ક્રીન સાઈઝ એનાથી મોટી સ્ક્રીનના મોબાઈલ સામે વામણી પુરવાર થતી ગઈ. અને આ બધા ગડમથલમાંથી જન્મ થયો. નવા **I-phone 5G** ૫જી નો અર્થ પોતાની જ **OS** બેસ્ટ છે એવા અભિમાનને વધતે ઓછે અંશે છોડીને **Apple** નાં ડીઝાઈનરોએ લોન્ચ કરી નવી **Operative Sysyem IOS7.** જો કે અનેક વફાદાર વપરાશ કર્તાઓની માંગણી છતાં **5C** માં સ્ક્રીન સાઈઝ મોટી નથી જ કરી એ અલગ વાત છે. જે મોબાઈલ યુઝર્સે **IOS** અને **Android** બંને **OS** વાળા મોબાઈલ વાપર્યા હશે એમને ખ્યાલ આવી જ ગયો હશે કે **IOS7** એ **Android** નું એપલીયું સ્વરૂપ જ છે. વિવિધ પ્રકારનાં પેટન્ટ કેસો અને કાયદાકીય લડાઈઓનો અરસપરસ સામનો કરી રહેલા **Apple** ની આ **Google** બેઠેબેઠી જો **OS** બેઠેબેઠી જો **I-phone** માં લાવે તો રહીસહી આબરૂ પણ ધૂળધાણી થઈ જાય. સામે છેડે ગ્રાહકોને ટકાવવા અને આકર્ષવા માટે જગતની આ સૌથી વધુ વપરાતી **OS** નો ઉપયોગ અનિવાર્ય થઈ ગયો છે એમ સમજીને **Apple** એ **IOS7** માં પાછલા પગલે, બદલાયેલા રૂપરંગ સાથે ઓલમોસ્ટ **Android** ને જ આવકારી લીધી છે.

● **કેવી રીતે...? આવો જોઇએ.**

એન્ડ્રોઈડમાં આવતાં ‘ક્વિક સેટીંગ્ઝ’ મેનુને **IOS7** માં નવું નામ મળ્યું ‘‘કમાન્ડ સેન્ટર’’ જો કે નામ જ નવું છે કામ તો એવું સેમ ટુ સેમ ‘‘ક્વિઝ સેટીંગ્ઝ’’નું જ છે જયાંથી તમે વન ટચ બધા સેટીંગ્ઝ સાથે ખીલવાડ કરી શકો ફર્ક એટલો જ એન્ડ્રોઈડમાં ઉપરથી નીચે સ્વાઈપ કરવું પડે ને **I-phone** માં નીચેથી ઉપર (સો સ્માર્ટ.. હે ને?) એવો જ બેઠો આવીષ્કાર કર્યો. ‘‘મલ્ટી ટાસ્કીંગ’’ના નામે... એન્ડ્રોઈડમાં હોમ બટન દબાવી રાખતા બધા રનિંગ એપ્લીકેશન સ્ક્રીનની જમણી બાજુ ઊભા ખુલે છે. જેને તમે જમણી બાજુ સ્વાઈપ કરી બંધ કરી શકો છો. **IOS7** માં આજ દશ્ય તમે હોમ બટન દબાવી રાખતા સ્ક્રીન પર આડા ખુલેલા સ્વરૂપે જોઈ શકો છો. અને ખુલ્લા એપ્લીકેશનને ઉપર **I** કરી બંધ કરી શકો છો. (છે ને અદ્ભૂત... નકલ!!)

**IOS7** ની લોક સ્ક્રીનમાં પણ એન્ડ્રોઈડમાં જોવા મળતી **‘Swipe right to unlock Screen’** વાળી ખુબીનો નજીવા ફેરફાર સાથે સમાવેશ કરી જ લીધો છે **Apple** મ્યુઝિકનો ઓલમોસ્ટ લુક અને સીનારીયો **an-droid** માં અગાઉથી જ જોવા મળતા **Google Music** ને ઓલમોસ્ટ મળતો જ બનાવ્યો છે તે જોતા જ ખ્યાલ આવી જાય. **IOS7** માં એકબીજા એન્ડ્રોઈડીયો આવકાર છે. નોટીફિકેશન મેનુ આંગળીના ટેરવે સરકતાં નોટીફીકેશન બાર પર મળતી વિવિધ માહિતીઓ અત્યાર સુધી **Android** માં જ હાજર હતી હવે એની જ નકલ થઈ **IOS7** માં અગાઉમાં કેલેન્ડર અને કેલેન્ડર ડીટેઈલ્સ મર્યાદિત તેમજ અનાકર્ષક હતી એનો પણ તોડ નીકળ્યો. **IOS7** ના નવા કેલેન્ડર એમ્પીકેશનમાં કલરનાં નાના ફેરફાર સાથે **IOS7** માં આજે એપ્લીકેશન હવે જોવા મળતે. **IOS** માં સફારી બ્રાઈઝરમાં ખુલતા પેઈજનું **3D** ગ્રાફિક્સ એ બીજું કાંઈ નહીં પણ ગુગલ (આઈ મીન એન્ડ્રોઈન) ના ક્રોમ બાઉઝરમાં જોવા મળતા ખુલ્લો પેઈજીસવી સુધારેલી આવૃત્તિ જ છે. એન્ડ્રોઈડે પોતાની નવી અપડેટ એન્ડ્રોઈડ જેલીબીન **4.2.2** ને લગભગ બધા જ હાઈએન્ડ સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ માટે છુટી મુકી દીધી એ સાથે જ એપલે પણ **I-phone 4** થી શરૂ કરીને ઉપરનાં બધા જ મોડેલો માટે **IOS7**નું ફ્રી ડાઉનલોડ શરૂ કરી દીધું. આનાથી થયું એવું કે **4** અને **5S** ની **Operating System** માં કોઈ ફરક ના રહ્યો જો કે **5S** ના લોન્ચીંગ સાથે જ એપલે ઓછો વેચાયેલો **I-phone 5** વેચાણમાંથી દૂર કરી દીધો છે કારણ કે **5S** એ આમ તો **I-phone 5** નું નવા રૂપરંગ સાથેનું સંવર્ધિત મોડેલ જ છે.

હજુ પણ એન્ડ્રોઈજમાં જોવા મળતા ટચુકતા પણ બેહદ ઉપયોગી વીઝેટસ, ઘણી બધી સ્થાનિક ભાષામાં લખી શકતા ટાઈપ પેડ, કોઈ પણ **application** ને બિન્દાસ્ત ઈન્સ્ટોલ કરવાની સગવડતા જેવા હેપનિંગ અને પોપ્યુલર ફિચર્સનો **IOS7** માં સમાવેશ નથી કરાયો પણ દેર આયે દુરસ્ત આયે એ ન્યાયે આવનારી અપડેટ્સમાં કદાચ એ પણ જોવા મળેતો નવાઈ નહીં. આટલી લાંબી એપલ કથાનો હેતુ એન્ડ્રોઈડનો **IOS** પર વિજય કે **IOS**ની એન્ડ્રોઈડનાં પગમાં શરણાગતિ એવો હરગીઝ નથી કેમ કે હજુ પણ એર ડ્રોપ (અગેઈન એન્ડ્રોઈડનાં **All Share** જેવું જ...) નવું કેમેરા એપ્લીકેશન (રિયલી બોસ ઈઝ ટુ યુઝ...!!), **I-tune Radio** (જે અગાઉની **IOS** માં નહોતો), ઓટોમેટીક અપડેટીંગ અને ભવિષ્યમાં સામેલ થનાર **IOS in the Car** જેવો યુનિક ફિચરોથી ફુલ્લી લોડેડ છે જ. પણ બમ્બૈયા ફિલ્મોની ભાષામાં કહીએ તો ‘‘જો બીકતા હૈ વો ચલતા હૈ’’ એનો ભલે મોડે મોડે પણ **Apple** ને અહેસાસ તો થયો એનાં મીઠા મધુરા ફળો રૂપે તો ગ્રાહકોને જ મળવાનાં છે ને.

હવે જોવાનું એ રહે છે કે એપલનો આ એન્ડ્રોઈડીયો આવિષ્કાર હાલની ૧૫% જેવી માર્કેટ શેર ધરાવતી **IOS** ને કેટલે ઊંચે પહોંચાડે છે? જો કે જે ઝડપે અને જે રીતે ગુગલ તેની **Android** ને અપડેટ અને વધુને વધુ યુઝર ફ્રેન્ડલી બનાવી રહી છે તે જોતાં એક દિવસ **I-phone** પણ એન્ડ્રોઈડ **OS** ને સીધી કે આડકતરી રીતે સંપૂર્ણપણે સ્વીકારી લેશે એ દિવસો દૂર તો નથી જ. **Till than THINK FORWARD...!!!**

**વિસામો :**

ઈકલેર, જીંજરબ્રેડ, હનીકોમ્બ, આઈસ્ક્રીમ સેન્ડવીચ, જેલીબીન જેવા સ્વાદિષ્ટ નામો ધરાવતી એન્ડ્રોઈડની નવી ઓપરેટીંગ સિસ્ટમનું નામ છે... ‘‘એન્ડ્રોઈડ કીટકેટ..!!!’’

**- akurjt@gmail.com**

# ‘ત્રાસ’ એ શબ્દ સંદર્ભે ચર્ચા કરવાની હોય કે તેની વ્યાખ્યા કરવાની હોય ત્યારે આ ત્રાસને બે સ્વરૂપે મુલવવો જરૂરી છે - માનસિક ત્રાસ અને શારીરિક ત્રાસ

**મહિલા સમાજ અને કાયદો - અંક-૧૧**
ડો. ભાવના કે. જોશીપુરા

ભારતીય ફોજદારી ધારામાં કલમ- ૪૯૮ (ક) ખાસ કરીને પરિણિત સ્ત્રીને તેના પતિ તરફથી કે પતિના સગા તરફથી જે ક્રૂરતા આચરવામાં આવે છે સંદર્ભે છે. આપણે જોયું કે આ કલમ ‘ત્રાસ’ શબ્દ એ અગત્યનો છે. આપણે પ્રથમ ગત અંકમાં એ કલમની વ્યાખ્યા અંગે જ્ઞાન મેળવ્યું. આપણે હવે એ કલમના વિવરણ સંદર્ભે જોઈએ તો..

વિવરણ : આપણે દેશમાં સ્ત્રીઓને ખાસ કરીને સાસરી પક્ષમાં દહેજ અંગે ત્રાસ આપવામાં આવે તે સંદર્ભેની જોગવાઈ દહેજ પ્રતિબંધક ધારામાં કરવામાં આવેલી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે દહેજ પ્રતિબંધક ધારો ૧૯૬૧ અસ્તિત્વમાં હતો અને દહેજ પ્રતિબંધક અધિનિયમ ૧૯૬૧ અમલમાં હોવા છતાં એક બાબત એ ધ્યાન પર આવેલ કે પરિણિત સ્ત્રીઓના અપમૃત્યુની સંખ્યા દિવસે દિવસે વધતી જતી જોવા મળેલ. ‘પરિણિત સ્ત્રીઓના લગ્નજીવન દરમ્યાન થતાં આપઘાત’ એ એક સામાજિક સમસ્યા સમાજ ચિંતક, શિક્ષણવિદો અને સમાજશાસ્ત્રીઓના ધ્યાનમાં આવેલ. એમ પણ જોવા મળેલ કે, જો દહેજ બાબતે ત્રાસ હોય તો દહેજ પ્રતિબંધક અધિનિયમ ધારો ૧૯૬૧ અસ્તિત્વમાં હતો જ.

દિકરીના લગ્ન થાય કે કરીયાવર બાબતે તેણીને કોઈ ત્રાસ સહન કરવાનો આવે તો તે સંદર્ભે કાયદાકીય જોગવાઈ અસ્તિત્વમાં હતી. સવાલ એ છે કે આવી કાયદાકીય જોગવાઈ અસ્તિત્વમાં હોવા છતાં દહેજને કારણે અનેક સ્ત્રીઓના અપમૃત્યુ થતાં હોવાની એક બાબત પ્રકાશમાં આવી. દહેજને કારણે અપમૃત્યુની બાબતે નોંધમાં આવતાં દહેજ પ્રતિબંધક અધિનિયમ, ૧૯૬૧ના અમલ સંદંભે તપાસ કરવા બંને ગૃહોની એક સંયુક્ત સમિતિની રચના કરવામાં આવેલ. બીજી તરફ દહેજને કારણે અનેક સ્ત્રીઓના અપમૃત્યુ થતાં હોવાની નોંધ સરકારી કક્ષાએ પણ નોંધમાં આવતાં આ બાબત ઉપર પણ એક તપાસ સમિતિ રચાયેલ.

બંને ગૃહોની સંયુક્ત સમિતિએ પણ દહેજના દુષણ ઉપર વિસ્તૃત ટીકા વ્યકત કરે. એક બાબત એવી પણ ધ્યાનમાં આવેલ કે, પરિણિત સ્ત્રીને તેના પતિ અથવા સાસરી પક્ષના સગા તરફથી એટલી હદે ત્રાસ આપવામાં આવે કે આવો ત્રાસ સ્ત્રીને સહન કરવો ઘણો મુશ્કેલ પડે છે, આવો ત્રાસ સહન ન કરી શકવાને કારણે સ્ત્રીઓ આપઘાત તરફ દોરાય છે તેવું ધ્યાનમાં આવેલ. એવું પણ ધ્યાનમાં આવેલ કે ત્રાસ એટલી હદનો હોય કે ત્રાસને કારણે પણ સ્ત્રી મૃત્યુ પામે એટલે કે ખૂબ જ માર ખાવાને કારણે પણ પરિણિત સ્ત્રીઓના મૃત્યુ થયાના દાખલા ઓછા નથી. ઘણીવાર એવું પણ જોવા મળેલ કે, ત્રાસ આપનાર ભાન ભૂલે અને તે પરિસ્થિતિમાં ત્રાસ પામનાર વ્યક્તિનું મૃત્યુ પણ થાય અને તેથી જ દેખિતિ રીતે જે ખૂન ગણી શકાય નહીં તે બાબતને ખૂન થયું છે તેમ માનવું કે કેમ એ બાબત વિશે પણ ચર્ચાએ જોર પકડેલ.

લગ્નજીવન દરમ્યાન સ્ત્રીને પતિ કે પતિપક્ષ તરફથી તથા અત્યાચારના સ્વરૂપ સંદર્ભે પણ ઉપસ્થિત કાયદાકીય જોગવાઈઓ પણ વાસ્તવમાં સામાજિક પરિસ્થિતિ એ બંને વચ્ચે ખૂબ પાતળી ભેદ રેખા છે જયારે ‘ત્રાસ’ એ શબ્દ સંદર્ભે ચર્ચા કરવાની હોય કે તેની વ્યાખ્યા કરવાની હોય ત્યારે આ ત્રાસને બે સ્વરૂપે મુલવવો જરૂરી છે- માનસિક ત્રાસ અને શારીરિક ત્રાસ. કેટલોક ત્રાસ તો દેખીતો જોવા જ ન મળે એવું પણ બને છે. અરે એવું પણ જોવા મળે કે ઘણીવાર તો જે સ્ત્રી જે પ્રકારે ત્રાસ સહન કર્યો હોય તે બાબતે તે જાતે જ વર્ણન કરવા પણ શક્તિમાન હોતી નથી. કારણ કે આ ત્રાસનું સ્વરૂપ એવું હોય છે કે જયારે એ બાબતે ચર્ચા થાય ત્યારે એવું લાગે કે બનેલી ઘટનાઓને ત્રાસ ઘણી શકાય કે કેમ?

ઘણીવાર ત્રાસ ખાસ કરીને માનસિક ત્રાસ એટલી હદે વધી જતો જોવા મળે કે એ માનસિક ત્રાસ કોઈ પાસે વ્યક્ત નહીં થવાને કારણે પણ ત્રાસ સહન કરનાર વ્યક્તિ આપઘાત તરફ પ્રેરાય છે. એક બાબત એવી પણ નોંધમાં આવેલ કે, કુટુંબ જીવનમાં બનતી નાની અને સામાન્ય બાબતોને બહુ ગંભીર સ્વરૂપ આપવું ન જોઈએ. સામા પક્ષે એવું પણ નજર સમક્ષ આવેલ કે, નાની નાની બાબતોને જ્યારે એક સ્ત્રી અવગણી લે છે અને પરિસ્થિતિ સાથે સમાધાન કરીને જીવન જીવવાનો નિર્ણય કરતી હોય છે, ત્યારે પ્રથમ તો બધું સારી રીતે ચાલે છે. પરંતુ નાની અને નગણ્ય બાબતોનો સરવાળો ક્રમે ક્રમે વધતો જઈને ભયંકર પરિણામ સર્જે છે. આપઘાત સંદર્ભમાં પણ કેટલીકવાર વિષમ આર્થિક પરિસ્થિતિ પણ જોવા મળે છે. આમ સમગ્ર તયા સામાજિક, આર્થિક સ્થિતિ પણ કુટુંબ કલેશનું કારણ બને છે.

જો કે ભારતીય ફોજદારી ધારામાં ૪૯૮ (ક)ની જોગવાઈ આવ્યા બાદ આપણે સંપૂર્ણ પણે ત્રાસ દૂર કરી શક્યા છીએ કે કેમ? તે પણ એક ચર્ચાનો વિષય છે. એવી પણ ચર્ચા જોવા મળે કે પરિણિત સ્ત્રીને થતાં ત્રાસ સંદર્ભે કાયદાકીય કડક જોગવાઈનો ક્યાંક દૂરપયોગ તો નથી થઈ રહ્યોને? આ બાબત દેશભરમાં સામાજિક સંસ્થા, સમાજસેવીઓ, ચિંતકો, સમાજના ક્રિયાશીલ આગેવાનો, ધારાવિદો અનો કેટલકે અંશે શિક્ષણવિદો સંદર્ભમાં બહુ ચર્ચિત મુદ્દો દેશમાં બન્યો છે. આમ મુદ્દો એ સાચો છે કે ખોટો છે તેવું કહેવામાં અર્થ નથી પરંતુ આવી એક ચર્ચાએ પણ જોર પકડ્યું છે તેવું લાગે છે. આપણે ભવિષ્યમાં એ બાબતે ચર્ચા કરવાના છીએ પરંતુ પહેલાં તો ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ના સંદર્ભમાં વિશેષ જોઈએ તો,

ભારતીય ફોજદારી ધારામાં કલમ ૪૯૮ (ક)માં પરિણિત સ્ત્રીને તેના પતિ અથવા પતિના કુટુંબીઓ તરફથી એટલે કે સગા તરફથી ત્રાસ આપવામાં આવે તો ત્રણ વર્ષ સુધીની કેદની સજા તેમજ દંડને પાત્ર ગુનો બને છે. આ સંદર્ભમાં ‘ત્રાસ’નો અર્થ શું? શું માત્ર ‘મારકુટ’ તે જ ત્રાસ છે? ભારતીય ફોજદારી ધારામાં આ જોગવાઈ અંતર્ગત એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે પરિણિત સ્ત્રીને એ રીતે ત્રાસ આપવામાં આવે કે જે તે સ્ત્રીને આપઘાતનું પગલું લેવા પ્રેરે. આ ત્રાસની વ્યાખ્યામાં સ્પષ્ટ જણાવેલ છે કે પરિણિત સ્ત્રીના સાસરી પક્ષના એવું ઈરાદાપૂર્વકનું વર્તન કરે કે આવી સ્ત્રીને મૂંઝવણમાં મુકાઈને આપઘાત કરવો પડે અથવા તો એ પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શરીરના કોઈપણ ભાગને શારીરિક કે માનસિક ભયમાં મુકવા પ્રેરે. આ કલમના બીજા ભાગમાં પજવણી એટલે કે ત્રાસ સંદર્ભમાં વ્યાખ્યા એમ આપવામાં આવી છે કે આવી પજવણી કે ત્રાસ ગેરકાનૂની માંગણી સંદર્ભમાં હોય.

સરળ ભાષામાં આ કોલમને સમજીએ તો, જ્યારે કોઈ સ્ત્રી લગ્ન કરીને સાસરે જાય અને સાસરી પક્ષને કિંમતી વસ્તુ કે પૈસાની ગેરકાયદેસર માંગણી કરે અને દિકરી પક્ષના આવી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી માંગણી પૂરી ન કરી શકે અને તે કારણસર સાસરી પક્ષના સભ્યો જો ત્રાસ કરે તો આવો અત્યાચાર, આવો ત્રાસ એ માનસિક પણ હોય છે. આ પ્રકારની ગેરકાયદેસર અને ગેરવ્યાજબી માંગણીઓ રોકવા હેતુ અને આ પ્રકારનો ત્રાસ દૂર કરવા હેતુ જ ભારતીય ફોજદારી ધારામાં કલમ ૪૯૮ (ક) સને ૧૯૮૩થી ઉમેરવામાં આવેલ છે. કલમનો હેતુ સ્વયં સ્પષ્ટ છે એટલે પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં થતો અત્યાચાર રોકવાનો હેતુ છે.

૧૯૮૩માં ભારતીય ફોજદારી ધારામાં આવેલા સુધારા સંદર્ભે સ્ત્રી સમાજ, સ્ત્રીઓ સંદર્ભે કામ કરતી સંસ્થાઓ અને સમાજના ક્રિયાશીલ આગેવાનોએ આનંદની લાગણી અનુભવે. એવો એક વિશ્વાસ હતો કે આ પ્રમાણે કાયદાની કડક જોગવાઈ અમલમાં આવતાં સ્ત્રીઓ પરના અત્યાચારોનું પ્રમાણ ઘટશે. ૧૯૮૩ પછીના સમયથી આજ સુધી તબક્કા વાર સ્ત્રી પર થતાં અત્યાચારના આંકડાઓનો અભ્યાસ પણ જરૂરી છે. કાયદામાં આવેલા ફેરફાર અને કડક જોગવાઈ પછી સમાજ જીવન પર કેવી અસર થઈ? સમાજના લોકોએ કયા પ્રકારનો બોધપાઠ લીધો? આ કલમની જોગવાઈ સ્ત્રી પરના થતાં અત્યાચાર ઘટાડી શકી છે ખરી? સામાજિક વિષમતા, કલમના સંદર્ભે થયેલ કેસોના ઉદાહરણ સાથે મળીએ આવતે અંકે...